# AIની મદદથી સુરતીઓ કરી રહ્યા છે ટૂર પ્લાનિંગ, ડાયમંડને આપી રહ્યા છે શેપ

આજના કોમ્પ્યુટર યુગમાં આપણને જ્યાં ત્યાં એક શબ્દ સૌથી વધારે સાંભળવા મળે છે તે છે AI એટલે કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ. તેનો જે પ્રકારે વિકાસ થઈ રહ્યો છે તેના પરથી એવું જ લાગે કે AI માનવ બુદ્ધિનું કેન્દ્રબિંદુ બની રહ્યું છે. સુરતીઓ પોતાના રોજિંદા જીવનમાં પોતાના કામ-ધંધામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોમ્પ્યુટર ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે. સુરતીઓએ સુરતમાં એવું કોઈ ક્ષેત્ર નહીં રહેવા દીધું હોય કે જ્યાં AI નો ઉપયોગ ના થતો હોય. શોપિંગ કરવો હોય તો પણ તમે જે ડ્રેસ પસંદ કરો તે તમારી પર ખીલી ઉઠશે કે નહીં તેનો જવાબ પણ AI પાસેથી મળી જાય છે. સ્કૂલો AI આધારિત એપ્સની મદદથી બાળકોને ગણિત, વિજ્ઞાન શીખવાડે છે. સુરતને સ્માર્ટ સિટી, સ્વચ્છ સિટી બનાવવા પણ AI આધારિત મેનેજમેન્ટ સિસ્ટમનો ઉપયોગ થાય છે. ચાલો આપણે અલગ અલગ ફિલ્ડની વ્યક્તિઓ પાસેથી જાણીએ કે તેઓ કઈ સમસ્યાનો ઉકેલ મેળવવા કે બિઝનેસને આગળ ધપાવવા, કઈ સ્ટ્રેટેજી જાણવા AI નો ઉપયોગ કરે છે...



ટેક્નો ટ્રેન્ડ

### AIની મદદથી રેડિયેશન ટ્રીટમેન્ટ પ્લાન કરાય છે: ડૉ. મેહુલ પંચાલ


શહેરની એક જાણીતી મલ્ટી સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલનો અનુભવ ધરાવતા ડૉ. મેહુલ પંચાલે જણાવ્યું કે હેલ્થકેર સેકટરમાં AI ની મદદ લેવાની શરૂઆત રેડીયોલોજી અને પેથોલોજીથી થઈ છે. રેડિયેશન થેરાપીની ટ્રીટમેન્ટનું પ્લાનિંગ AI ની મદદથી બનાવાય છે. ઈથોસ મશીન દ્વારા એડેપ્ટિવ ટ્રીટમેન્ટ પ્લાનિંગ સિસ્ટમ અમે રેડિયેશનમાં યુઝ કરીએ છીએ. ન્યુરોસર્જરી માટે ટ્યુમર માર્કિંગ અને ટ્યુમર ડિટેક્શન માટે પણ AIની મદદ લેવાય છે. આ ઉપરાંત ઘણા ફિઝિશિયન રેર ડીસીઝને આઈડેન્ટિફાય કરવાનું કામ પણ AIની મદદથી કરે છે.



### વિદેશ જવાનું થાય ત્યારે ટ્રાવેલ પ્લાનિંગ માટે મદદરૂપ બને છે: ગણપત ધામેલીયા

ગણપત ધામેલીયા બિઝનેસમેન છે. તેમણે જણાવ્યું કે આજ AI માત્ર માહિતી આપતું સાધન નથી , પરંતુ એક સ્માર્ટ સહાયક બની ગયું છે જે પ્રવાસ દરમિયાન મને જાણકાર મિત્ર જેવી મદદ કરે છે. મારા બિઝનેસને લઈને મારે વિદેશ જવાનું થાય છે, એ સમયે ફ્રી ટાઈમમાં ક્યાં ક્યાં ફરી શકાય તે બાબતે મને એનાલિસિસ કરી આપવામાં AI આધારિત ટૂલ મદદરૂપ બને છે. યુરોપ, U.K., દુબઈના પ્રવાસ દરમિયાન મને ફરવા લાયક સ્થળો, લોકલ ફૂડ ઓપ્શન અને ટ્રાવેલ ટાઈમનો એનાલિસિસ કરીને ખૂબ શાર્પ અને કસ્ટમાઈઝડ ઈટિનરી AI ટૂલ આપે છે. મારા મિટિંગ શેડ્યુલને ધ્યાનમાં રાખીને પ્લાનિંગ કરી આપે છે. જેથી મારો સમય સચોટ રીતે મેનેજ થાય છે. બિઝનેસ મિટિંગમાં કોઈ વિક્ષેપ આવતો નથી. સાથે નવા શહેરોમાં ફરવાની મજા માણું છું. આ બધું AIના ઉપયોગથી શક્ય બને છે.

### PhD માટે થિસીસ તૈયાર કરવામાં અઢી વર્ષથી AIની મદદ લઉં છું: પ્રો. વૈદહી દેસાઈ



પ્રો. વૈદહી દેસાઈ હ્યુમન રિસોર્સ ડેવલપમેન્ટ વિષયમાં P.Hd. કરી રહ્યા છે. તેમણે જણાવ્યું કે PhD માટે હું જે થિસીસ તૈયાર કરી રહી છું તેમાં અઢી વર્ષથી AIની મદદ લઈ રહી છું. થિસીસમાં જે ગ્રામેટિકલ મિસ્ટેક હોય તે સુધારવામાં, મને કોઈ વર્ડનું સરસ સમાનાર્થી શબ્દ જોઈતો હોય તો તે મને શોધી આપવામાં, આગળ કોઈએ સર્વે કર્યો હોય તો તેના ડેટા મેળવી આપવામાં, સેન્ટન્સ ફ્રેમિંગમાં અને કોઈ સારા કોટથી લખાણને વધારે અટ્રેકટિવ બનાવી આપવામાં મને AI મદદરૂપ બને છે. થિસીસનો કોઈ પેરેગ્રાફ AIમાં ટાઈપ કરું તો તેમાં જે ગ્રામરની મિસ્ટેક હોય તેની નીચે AI અંડરલાઈન કરે. હું કોલજમાં B.B.A. ડિપાર્ટમેન્ટમાં સ્પોટ્ર્સ કમિટી મેમ્બર છું. સ્પોટ્ર્સની જે ઈવેન્ટ હોય જેમકે ક્રિકેટ, બોક્સ ક્રિકેટ, ફૂટબોલ તો તે માટે જે ફ્લાયર (જાહેરાત ટાઈપ) બનાવવાના હોય તે જનરેટ કરવામાં AIનો ઉપયોગ કરું છું. આ ફ્લાયર ગ્રુપમાં સર્ક્યુલેટ કરીએ એટલે વિદ્યાર્થીઓને કઈ ઈવેન્ટ ક્યારે છે તેની ખબર પડે. પછી તેમના રજિસ્ટ્રેશન માટે QR કોડ પણ AI જનરેટ કરી આપે છે. ઈવેન્ટ માટેના ક્લિપઆર્ટ પણ AI દ્વારા બની જાય છે.

### રેઝ્યુમે બનાવવા, નોકરીની તૈયારી માટે





અભ્યાસ અને કારકિર્દી માટે સુરતના યંગસ્ટર્સ AI ટૂલ્સ જેમકે, Grammar, Linkedin, AI અને Courseraનો ઉપયોગ સ્ટડી માટે, રેઝ્યુમે બનાવવા અને નોકરી માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે કરે છે. સુરતના ટેકસટાઈલ અને ડાયમંડ ઉદ્યોગોમાં AI આધારિત ડેટા એનાલિટિક્સ ટૂલ્સ જેમકે, Power BI યુવાનોને બજાર વિશ્લેષણ અને નિર્ણય લેવામાં મદદ કરે છે.

### કેવા શેપમાં ડાયમંડ કટ કરવો તેના સિલેક્શનમાં AI આધારિત મશીનો ઉપયોગી: કિશન મોરડીયા



ડાયમંડના બિઝનેસ સાથે સંકળાયેલા કિશનભાઈ મોરડીયાએ જણાવ્યું કે અમે હીરા કટિંગ અને પોલીશીંગમાં બે-ત્રણ વર્ષથી AI આધારિત મશીનો યુઝ કરીએ છીએ. AI બેઝડ ડાયમંડ કટિંગ મશીન ગેલેક્સી અને સરીન પર રફ હીરો મુકાય એટલે તે સજેશન આપે કે કયા શેપમાં ડાયમંડ કટ કરવો જોઈએ, તેનાથી કયો ગ્રેડ આવશે, કેવી ક્વોલિટી મળશે. આ એનાલિસિસ મશીન કરી આપે પછી કયું કટિંગ પસંદ કરવું તેનું ડીસીઝન લેવાય છે. AI ની મદદ લેવાથી નિર્ણય ઝડપી અને સચોટ લઈ શકાય છે. તેનાથી ઉત્પાદનની ગુણવત્તામાં સુધાર થાય છે. આમ તો હીરાના કટિંગ માટે પારંપરિક બ્લેડ જ ઉપયોગી થાય છે પણ હવે સ્માર્ટ ડીસીઝન માટે AIની મદદ ઘણા હીરાના એકમો લેવા લાગ્યાં છે.

### AIના ઉપયોગથી વિવિંગ મશીનનું ઓનલાઈન મોનીટરીંગ કરીએ છીએ: આશિષ ગુજરાતી



ટેકસટાઈલ બિઝનેસ સાથે સંકળાયેલા આશીષભાઈ ગુજરાતીએ જણાવ્યું કે છેલ્લાં કેટલાંક વર્ષોમાં ટેકસટાઈલ ક્ષેત્રે AI નો ઉપયોગ ખાસ્સો વધ્યો છે. મશીનોની એફિશિયન્સી વધારવા, પ્રોડક્શન વધારવા માટે AIની મદદ લેવાય છે. મારા વિવિંગ મશીન ચાલે છે તેનું ઓનલાઈન મોનિટરીંગ AIની મદદથી કરીએ છીએ. અમારા મોબાઈલ ફોન પર પણ ડેશબોર્ડ આવી જાય. કયુ મશીન કેટલી કાર્યક્ષમતાથી ચાલે છે, કેટલા મશીન બંધ છે, ક્યા મશીન પર કયુ ફેબ્રિક બને છે તેનું મોનિટરીંગ અમે વર્લ્ડના કોઈપણ ખૂણામાં હોઈએ ઓનલાઈન કરી શકીએ છીએ. મારા બિઝનેસમાં પ્રોડક્શન વધારવા, મશીનોની કાર્યક્ષમતા વધારવા 2 વર્ષથી AI ટૂલ્સની મદદ લઉ છું. વળી, ઈલેક્ટ્રિક પાવર કેટલો યુઝ થાય છે, કેટલા યુનિટ યુઝ થાય છે તેની માહિતી પણ AIની મદદથી જાણવા મળે છે.





# ફીટ ભાઈઓ માટે બાહુબલી તો બાળકો માટે આઈસ્ક્રીમ રાખડી

CREATIVE માઈન્ડ્સ

ભાઈ-બહેનના પ્રેમના પ્રતિક રક્ષાબંધન પર્વને હવે ગણતરીના દિવસો બાકી છે. એવામાં શહેરમાં ઠેર ઠેર રાખડીઓ મળવા લાગી ગયા છે. એમાં બાળકો માટેની કાર્ટૂન રાખડીઓ તો આકર્ષણ જમાવી જ રહી છે પણ હવે જિમ જઈને બોડી બનાવતા ભાઈઓ માટેની વજનદાર રાખડીઓ ઉપરાંત લાલ કલરના દોરાની રાખડીઓથી કંટાળેલા લોકો માટે પણ આકર્ષક કલરના દોરાની રાખડીઓએ બજારમાં પ્રવેશ કર્યો છે. હવે તો ભાઈ ભાભીને માતા પિતા બનવા માટેની શુભેચ્છાઓ આપતી સુંદર મજાની ડિઝાઈનની રાખડીઓ પણ ટ્રેન્ડમાં આવી છે. એક સમયે અવનવા ફૂડની રાખડીઓએ આકર્ષણ જમાવ્યું હતું તો હવે ઠંડા ઠંડા અહેસાસ કરાવનારી રાખડીઓ પણ મનભાવન બની છે. ચાલો આ વર્ષની ટ્રેન્ડિંગ અવનવી રાખડીઓ વિશે જાણીએ...


### હાઈટ બોડી ધરાવતા ફીટ ભાઈઓ માટે 250 ગ્રામની બાહુબલી રાખડી



રાખડી વિક્રેતા અભિષેકભાઈએ જણાવ્યું કે હાઈટ બોડીવાળા ફીટ ભાઈઓ માટે બહેનો બાહુબાલી રાખડી કે જે વજનદાર હોય છે તેવી રાખડી ખરીદી રહી છે. 250 ગ્રામ વજનની આ રાખડી ઈમિટેશન જવેલરી માટે વપરાતા મટીરીયલ કે જેને કાસ્ટિંગ મટીરીયલ કહે છે તેની બનાવેલી હોય છે. થોડું પતરું તો થોડું સ્ટીલ હોય છે. સુરતમાં વસેલા સાઉથ ઈન્ડિયન બહેનો આ રાખડીની વધારે ડીમાંડ કરી રહી છે. વળી, આ બાહુબલી રાખડી સુરતથી દિલ્હી અને હરિયાણા તરફ પણ જઈ રહી છે. એક કે બે દિવસ ભાઈ આવી રાખડી પોતાના કાંડામાં રાખે છે.



### લાલના બદલે હવે કલરફુલ દોરાની રાખડીનો ટ્રેન્ડ



આ વર્ષ મંગળનું એટલે કે ભડકીલું વર્ષ ગણાય રહ્યું છે. લોકો પોતાના રિલેટિવ્ઝ કે મિત્રોને લાલ કલરના કપડાં કે લાલ કલરની વસ્તુ ગિફ્ટ તરીકે આપવાનું ટાળી રહ્યાં છે. રક્ષાબંધન પર પણ લાલ દોરીની રાખડીનો બદલે કલરફુલ દોરાની રાખડીની ડિમાન્ડ કરી રહ્યા છે. લાલના બદલે સોફ્ટ પિંક, લેમન ગ્રીન, સ્કાય બ્લ્યુ, મિન્ટ કલરના દોરાની રાખડી લેવા બહેનોનો ધસારો રાખડીઓના માર્કેટમાં જોવા મળી રહ્યો છે. આવી એક જ રાખડીમાં અલગ અલગ કલરનું કોમ્બિનેશન થઈ રહ્યું છે. આવી કલરફુલ રાખડીઓ દેખાવે પણ ખૂબ આકર્ષક લાગી રહી છે. લોકો હવે લાલ કલરના દોરાની રાખડીથી પણ કંટાળ્યા હોવાથી કલરફુલ દોરાની રાખડી પસંદ કરી રહ્યા છે.

### To be Papa ane to be Mom રાખી



ભાઈને ઘેર નજીકના દિવસોમાં પારણું બંધાવવાનું હોય તો બહેન પોતાના ભાઈને To be Papa લખેલી અને ભાભી માટે To be Mom લખેલી રાખી ખરીદી રહી છે. આવી રાખી પિંક અને બ્લ્યુ કલરમાં વધારે મળી રહી છે. બ્લ્યુ કલર બોય માટે તો પિંક કલર ગર્લ માટે સિમ્બોલિક હોય છે. આવી બેબી પિંક અને સ્કાય બ્લુ કલરના દોરાવાળી, જેમાં સુંદર મજાના મોતી જડેલા હોય તે રાખી પણ ખાસ્સું અટ્રેક્શનનું કારણ બની છે. આ રાખી મારફતે ભાઈ-ભાભીને માતા-પિતા બનવા જઈ રહ્યા હોવાની શુભેચછાઓ આપવામાં આવી રહી છે.

### નાના બાળકો માટે આઈસ્ક્રીમ કોન અને ચોકલેટના શેપની રાખડી



બાળકોને આઈસ્ક્રીમ અને ચોકલેટ ખાવનું બહુ ભાવતું હોય છે એટલે હવે કલરફુલ આઈસ્ક્રીમના કોનની ડિઝાઈન અને આઈસ્ક્રીમ કેન્ડી જેમકે મેંગો ડોલી આઈસ્ક્રીમની ડિઝાઈનમાં ટોય રાખડીઓ બજારમાં વધુ વેચાઈ રહી છે. બાળકોને આવી રાખડી બહુ ગમી રહી છે. થોડાક વર્ષો પહેલા ચોકલેટની રાખડીનો ટ્રેન્ડ હતો. આવી રાખડી ભાઈના કાંડા પર બાંધી પણ શકાય અને તેને ખાઈ પણ શકાય. ચોકલેટ ફોટો રાખડીઓએ પણ ખાસ્સું આકર્ષણ જમાવ્યું હતું. ત્રણ-ચાર વર્ષ પહેલાં પાણીપુરી જેવા ફાસ્ટફૂડ ડિઝાઈનની રાખડી પણ બહુ ડિમાન્ડીંગ બની હતી. હવે આઈસ્ક્રીમ અને ચોકલેટ ટોય રાખડી નાના બચ્ચાઓ માટે ખરીદવામાં આવી રહી છે.



## મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!...

### પુલમાં હોય છે કોન્ટ્રાક્ટર અને સરકારના ભ્રષ્ટાચારનું રેકેટ, એટલે જ સાથે રાખું છું હોડી અને જેકેટ...





નથી ભરોસો હવે જિંદગીનો, ક્યારે તૂટી પડે પુલ સરકારનો... થાય છે ખાયકી બાંધકામમાં, મુકાય છે જિંદગી જોખમમાં...કાર પર જ મૂકી રાખવી પડે બોટ, એવી તો છે પુલમાં મજબૂતીની ખોટ, પહેરવું પડે ટુ-વ્હીલર ચલાવતા લાઈફજેકેટ, કારણ કે પુલ બનાવવામાં છે મોટું ભ્રષ્ટાચારનું રેકેટ... પુલ બનાવવામાં સરકારી અધિકારીઓ 'મલાઈ' ખાય, અનેક નિર્દોષોના જીવ લેવાય...નથી રહી હવે કોઈની પર આશ, બધેયથી હવે તો માનવી છે નિરાશ...